GJPT030009752021

**ચાણસ્માના મે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં,**

**મું.ચાણસ્મા– પાટણ.**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૦૧/૦૭/૨૦૨૬ |
| ફોજદારી કેસ નંબર | ૯૦૨/૨૦૨૧ |
| આંક | |
| ગુનો | ગુજરાત નશાબંધી અધિનિયમ કલમ– ૬૫(એએ),૧૧૬(બી),૮૧ મુજબ. |
| ફરીયાદ | શ્રી સરકાર (ચા.પો.સ્ટે. ગુ.ર.નં. સી/૧૧૨૧૭૦૦૬૨૦૧૧૦૦/૨૦૨૦). |
| ફરીયાદી તરફે વિ.એ.પી.પી.શ્રી | એ.જે.ગોસ્વામી. |
| આરોપીઓ | (૧) ઝાલા રમેશજી શાંતુજી,<br>રહે–સુણસર, માઢપાર્ટી, તા–ચાણસ્મા,જી–પાટણ.<br>(૨) વાઘેલા સંજુભા નાથુભા મોહબતસિંહ,<br>રહે–ખારીયા, પ્રજાપતિવાસ,<br>તા–કાંકરેજ,જી–બનાસકાંઠા. |
| આરોપી નં.૧ તરફે વિ.વ.શ્રી. | વિ.ડી.ઠાકોર |
| આરોપી નં.૨ તરફે વિ.વ.શ્રી. | એસ.સી.પટેલ |

**<u>ફરીયાદ પક્ષ/ બચાવપક્ષ/ અદાલતના સાહેદોની યાદી :–</u>**

<u>અ. ફરીયાદપક્ષના સાહદો :–</u>

| સાહેદ નંબર | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૧૭ | તીર્થરાજસિંહ મનુભા | ફરિયાદી |
| ૨ | ૩૦ | ઝાલા ઉમેદસંગ વાંસાજી | પંચ સાહેદ |
| ૩ | ૪૪ | અભિનવસિંહ રમેશજી ઠાકોર | ત.ક.અ.શ્રી |

**ફરીયાદ પક્ષ/ બચાવપક્ષ/ અદાલતના પુરાવાની યાદી :–**

<u>અ. ફરીયાદપક્ષના પુરાવા :–</u>

| ક્રમ નંબર | આંક નંબર | વિગતો |
|---|---|---|
| ૧ | ૧૮ | ગુનાની ફરીયાદ |
| ૨ | ૩૧ | મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું |
| ૩ | ૪૫ | ડેપ્યુટ હુકમ |
| ૪ | ૪૬ | રવાનગી નોંધ |

**:–– ચુકાદો :––**

**ફરિયાદ હકીકતનું ટૂંકમાં વર્ણન:–**

**(૧)..** ફરીયાદ પક્ષની કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી નં.૧ નાઓએ ગઈ તા.૦૪/૧૧/૨૦૨૦ ના કલાક–૧૮/૩૦ વાગ્યે માંજે–સુણસર ગામે પોતાના કબજા ભોગવટાના ઘર આગળના રસોડાના ખુણામાં ગે.કા વગર પાસ પરમીટનો અલગ અલગ બ્રાન્ડની ભારતીય બનાવટનો વિદેશી દારૂની નાની–મોટી બોટલ નંગ–૧૪ કુલ કિ.રૂ.૧૮૦૦/–નો રાખી રેડ દરમિયાન હાજર મળી ન આવેલ તેમજ આરોપી નં.૨ નાઓ આ કામે પકડાયેલ વિદેશી દારૂનો જથ્થો પુરો પાડેલ હોય જેથી આરોપી નં.૧ તથા આરોપી નં.૨ નાઓએ ગુજરાત રાજ્યમાં દારૂબંધી હોવા છતા એકબીજાના મેળાપીપણાથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો લાવી રાખી, ગુન્હો કર્યા બાબતે તેઓની વિરુધ્ધ કાયદેસર થવા ફરીયાદીએ ફરીયાદ હકીકત ચાણસ્મા પોલીસ સ્ટેશનમાં પ્રોહી. પાર્ટ–સી ગુના રજી. નં.૧૧૨૧૭૦૦૬૨૦૧૧૦૦/૨૦૨૦ થી ગુનો નોંધાયેલ. તપાસ કરનાર

અમલદારે તપાસ પૂર્ણ થયા બાદ આરોપીઓ વિરુધ્ધ ગુજરાત નશાબંધી ધારાની કલમ–૬૫(એએ),૧૧૬(બી),૮૧ મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ કરેલ.

**<u>ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૦ અન્વયે તહોમતનામા અંગે:–</u>**

**(૨)..** આ કામે આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ દાખલ થતાં આરોપીઓને સમન્સ કરતાં તેઓ હાજર થયેલ હોઈ, કેસના કાગળોની નકલો ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ મુજબ વિના મુલ્યે આરોપીને આપવામાં આવેલ અને ત્યારબાદ આંક–૧૧ થી આરોપીઓ સામે તહોમતનામું ફરમાવી આંક–૧૨ થી આરોપી નં.૧ નો જવાબ લેતાં તેઓએ તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરતાં કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ. તેમજ સદર ગુનાના કામે તા.૩૧–૦૩–૨૦૨૩ ના રોજ મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ ફો.કે.નં.૯૦૨/૨૦૨૧ ના કામે આરોપી નં.૨ ગેરહાજર રહેતા સી.આર.પી.સી.ની કલમ–૨૯૯ મુજબ કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

**<u>પક્ષકારો તરફે રજૂ પુરાવા:–</u>**

**(૩)..** ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૨ અન્વયે ઉપરોકત મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે.

**<u>ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન:–</u>**

**(૪)..** ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનુ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ હેઠળ વિશેષ નિવેદન લેવા લાયક પુરાવો ન હોય જેથી આરોપીનુ વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. ત્યારબાદ બંને પક્ષકારોની દલીલો સાંભળી.

**<u>ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૪ મુજબ પક્ષકારો તરફે દલીલો:–</u>**

**(૫)..** આ કામે ફરિયાદ પક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રી એ મૌખિક દલીલો કરતાં જણાવેલ છે કે, આ કામના આરોપીઓએ પોતાના આર્થિક ફાયદા સારૂં ગેરકાયદેસર વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ રાખેલ હોઈ સમાજમાં ઉદાહરણ રૂપ દાખલો બેસે તેવી મહત્તમ સજા કરવા દલીલો કરેલ છે. જયારે આ કામે બચાવપક્ષે તેમના વિદ્વાન વકીલશ્રીએ જણાવેલ છે કે, આ કામે મુદ્દામાલ જપ્ત કર્યા અંગેનું પંચનામું કરેલ તે પંચોએ ફરિયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી. જે સંજોગોમાં આરોપીઓ સામે નિઃશંકપણે કેસ સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોઈ, આરોપીઓને નિર્દોષ જાહેર કરવા મૌખિક દલીલો કરેલ છે.

**<u>ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૪(૧)(બી) મુજબ પોઈન્ટ ફોર ડીટરમીનેશન:–</u>**

**(૬)..** આ કામે પક્ષકારો તરફે ઉપરોકત રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તથા સરકાર પક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રીની રજૂઆત તથા આરોપીઓના વિદ્વાન વકીલશ્રીની દલીલો લક્ષમાં લેતાં, આ કેસના આખરી નિર્ણય માટે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૪(૧)(બી) મુજબ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

## // મુદ્દા //

(૧) શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પુરવાર કરે છે કે, આ કામના આરોપી નં.૧ નાઓએ ગઈ તા.૦૪/૧૧/૨૦૨૦ ના કલાક–૧૮/૩૦ વાગ્યે માંજે–સુણસર ગામે પોતાના કબજા ભોગવટાના ઘર આગળના રસોડાના ખુણામાં ગે.કા વગર પાસ પરમીટનો અલગ અલગ બ્રાન્ડની ભારતીય બનાવટનો વિદેશી દારૂની નાની–મોટી બોટલ નંગ–૧૪ કુલ કિ.રૂ.૧૮૦૦/–નો રાખી રેડ દરમિયાન હાજર મળી ન આવેલ તેમજ આરોપી નં.૨ નાઓ આ કામે પકડાયેલ વિદેશી

દારૂનો જથ્થો પુરો પાડેલ હોય જેથી આરોપી નં.૧ તથા આરોપી નં.૨ નાઓએ ગુજરાત રાજ્યમાં દારૂબંધી હોવા છતા એકબીજાના મેળાપીપણાથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો લાવી રાખી, ગુજરાત નશાબંધી ધારાની કલમ– ૬૫(એએ), ૧૧૬(બી), ૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આચરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૭)..** ઉપરોકત મુદ્દાઓ અંગેના ન્યાયિક નિર્ણયો માટેના કારણો નીચે મુજબના છે.

(૧) મુદા નં..૧ નકારમાં.

(૨) મુદા નં. ૨ આખરી હુકમ મુજબ.

**<u>// કા ર ણો //</u>**

**મુદ્દા નં. ૧ અંગે :–**

**(૮)..** આ કામે ફરિયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં આંક–૩૦ થી પંચ સાહેદ ઝાલા ઉમેદસંગ વાંસાજી નાઓને સોગંદ ઉપર તપાસેલા છે. સદરહું પંચ સાહેદ પોતાના જ આંક–૩૧ થી રજૂ મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાથી તદ્દન વિરોધાભાસી સોગંદ ઉપર જુબાની આપતા હોઈ, ફરિયાદ પક્ષે પંચ સાહેદને ફરી ગયેલા જાહેર કરેલા છે અને ઉલટ તપાસ લીધેલી છે. પરંતુ ઉલટ તપાસથી ફરિયાદ પક્ષ કોઈ ફળદાયી હકીકત મેળવી શક્યા નથી કેમ કે ઉલટ તપાસમાં પણ પંચ સાહેદ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી. જે સંજોગોમાં પંચનામું સાબિત થયાનું માની શકાય નહી અને પંચ સાહેદના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી અને પંચ સાહેદના પુરાવા પરથી આ કામના આરોપીઓ પાસેથી બનાવના દિવસે, સમયે અને સ્થળે ગેરકાયદેસરનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવેલાનું સાબિત થઈ શકતુ નથી. આમ, ફરિયાદ પક્ષે મહત્વના મુદ્દામાલ

કબજે કર્યાના પંચ સાહેદ જ ફરી ગયેલા જાહેર કરેલા હોઈ, ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકેલ નથી. તે જોતાં ખરેખર આ પંચનામાની હકીકત મુજબ આરોપીઓની પાસેથી આ મુદ્દામાલ કબજે થયેલ હતો તે હકીકત શંકાસ્પદ બને છે અને આ કામે ઉપરોકત હકીકત ધ્યાને લેતાં આ મુદ્દામાલ આરોપીઓના કબજામાં હતો કે કેમ? તે હકીકત ફરિયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૯).. આ કામે ફરિયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં ફરિયાદી તીર્થરાજસિંહ મનુભા નાઓને આંક–૧૭ થી તથા ત.ક.અ.શ્રી અભિનવસિંહ રમેશજી ઠાકોર નાઓને આંક–૪૪ થી સોગંદ પર તપાસેલા છે જેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી જુબાની આપેલ છે, પણ તેઓ પોલીસ સાહેદો છે જેઓ હીત ધરાવતા સાહેદોની વ્યાખ્યામાં આવે છે જેથી ફકત તેમની જુબાની નો આધાર રાખી આરોપીને ગુનેગાર ઠરાવી શકાય નહીં. તેમજ સદર કામે આંક–૧૮ થી ફરીયાદ, આંક–૪૫ થી ડેપ્યુટ હુકમ તથા આંક–૪૬ થી રવાનગી નોંધ રજૂ કરેલ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આંક–૩૧ વાળા મુદ્દામાલ કબજે કર્યાનુ પંચનામું શંકાસ્પદ જણાઈ આવે છે. તેથી હાલના આરોપીઓના કબજામાંથી પ્રોહી. અંગેનો મુદ્દામાલ કબજે કરેલ હોવાનુ માની શકાય નહી. વધુમાં આ કામે ફરિયાદ પક્ષના સ્વતંત્ર કહી શકાય તેવા પંચ સાહેદો ફરિયાદ પક્ષને મદદરૂપ થતો પુરાવો રજૂ રાખેલ નથી. આમ, સોગંદ ઉપર તપાસવામાં આવેલ સાહેદો તથા ફરિયાદી તેમજ ત.ક.અ.શ્રી ની સમગ્ર જુબાની વંચાણે લેતાં તેઓએ ફરિયાદ પક્ષને મદદરૂપ થાય તે મુજબ પુરાવો રજૂ કર્યો નથી તે જોતાં ખરેખર આ પંચનામાની હકીકત મુજબ આરોપીઓની પાસેથી આ મુદ્દામાલ કબજે થયેલ હતો તે હકીકત શંકાસ્પદ બને છે. આ કામે ઉપરોકત હકીકત ધ્યાને લેતાં આ મુદ્દામાલ આરોપીઓના કબજામાં હતો કે કેમ? તે હકીકત ફરિયાદ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. વધુમાં બનાવવાળી જગ્યાની માલીકી અંગેના કોઈ પુરાવા કબજે કરેલ નથી, કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ નથી જે હકીકત

પણ શંકાસ્પદ બને છે. જે સંજોગોમાં આ કામના આરોપીઓ પાસેથી બનાવના દિવસે અને સ્થળે ગેરકાયદેસરનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવેલાનુ સાબિત થઈ શકતુ નથી.

**(૧૦)..** વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટના સતિષ વિરુદ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેશન ૧૯૯૬(૩) ક્રાઈમ્સ ૮૫(એસ.સી.) ના ચુકાદામાં અવલોકન કરેલ છે કે,

"When judge is certain that there is no prospect of case ending in conviction valuable time of court should not be wasted for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date."

ઉપરોકત નામદાર સુપ્રિમકોર્ટનું અવલોકન ધ્યાને લેતાં હાલના કેસને લાગુ કરવું ઉચિત જણાય છે. તેથી વધુ કોઈ વિશેષ પુરાવો લેવાથી ફરિયાદપક્ષના કેસને કોઈ મદદ મળી શકે તેમ જણાતું નથી.

**(૧૧)..** આમ, ઉપરોકત હકીકત ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આ કામના આરોપીઓ સામે તેમનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી આરોપીઓએ સદર ગુનો કરેલ હોવાનું પુરવાર થતું ન હોઈ, મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>-// આ ખ રી હુ ક મ // -</u>

- ➔ આ કામના આરોપી નામે **(૧) ઝાલા રમેશજી શાંતુજી, રહે-સુણસર, માઢપાર્ટી, તા-ચાણસ્મા, જી-પાટણ (૨) વાઘેલા સંજુભા નાથુભા મોહબતસિંહ, રહે-ખારીયા, પ્રજાપતિવાસ, તા-કાંકરેજ, જી-**

**બનાસકાંઠા** વાળા નાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૮(૧) હેઠળ ગુજરાત નશાબંધી અધિનીયમની કલમ–૬૫(એએ), ૧૧૬(બી), ૮૧ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

➔ આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યેથી નિયમોનુસારની કાર્યવાહી કરી નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

➔ આજરોજ મજકૂર ઠરાવ સામે અપીલ કોર્ટમાં અપીલ થવાના પ્રસંગે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૭(એ) મુજબ પ્રત્યેક આરોપીએ રૂ.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર) ના જામીન તેમજ તેટલી જ રકમના જાતમુચરકા રજૂ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ **૦૧**, માહે–**જુલાઈ**, સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ– ૦૧/૦૭/૨૦૨૬
સ્થળ – ચાણસ્મા,

**(આર.એમ. ચાવડા)**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ
ચાણસ્મા
**(જીજે–૦૧૫૨૪)**

TS